# એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ ઍક્ટ
## કર્મચારીઓનું રક્ષણ

એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ ઍક્ટ, 2000 સંક્ષિપ્તમાં ESA તરીકે ઓળખાય છે, આ એક કાયદો છે જે ઓન્ટારિયોમાં કામના સ્થળે ન્યાયપૂર્ણ વ્યવહાર થાય તે માટે ન્યૂનતમ ધારાધોરણો નક્કી કરે છે.

તમને ESA દ્વારા રક્ષણ મળતું હોય તો તમારો ઍમ્પ્લોયર આટલું **ન કરી શકે :**

- તમને ધાકધમકી ન આપી શકે
- નોકરીમાંથી કાઢી ન શકે
- સસ્પેન્ડ ન કરી શકે
- તમારો પગાર ઓછો ન કરી શકે
- તમને કોઈ રીતે સજા ન કરી શકે, અથવા
- આમાંથી એક પણ કાર્યવાહીની ધમકી ન આપી શકે.

કારણકે તમે ESA બાબત કે તમારાં અધિકારો વિશે પૂછો છો .

### મારો એમ્પ્લોયર કહે છે કે મને ESA લાગુ પડતો નથી. આ સાચી વાત છે ?

તમે ઓન્ટારિયોમાં કામ કરતાં હશો તો શકય છે કે તમને ESAનું રક્ષણ મળતું હશે. ફેડરલ કર્મચારીઓ તેમ જ બીજી ખાસ શ્રેણીઓના થોડા કર્મચારીઓનો ESA માં સમાવેશ થતો નથી. આ કાયદા હેઠળ કેટલાક કામદારો માટે અપવાદો અને ખાસ નિયમો છે.

તમને ESA દ્વારા શી રીતે રક્ષણ મળે છે તે જાણવા માટે શ્રમ મંત્રાલયનો સંપર્ક સાધો.

### મારાં અધિકારો કયા છે

ESA માં ઘણા અધિકારોનો સમાવેશ છે, જેમ કે :

- કામના કલાકો
- ન્યૂનતમ વેતન
- ઓવરટાઈમનું વેતન
- વેતનની ચૂકવણી
- જાહેર રજાઓ અને વેકેશન
- વ્યક્તિગત તાકીદની રજા
- કૌટુંબિક તબીબી રજા
- ગર્ભાવસ્થા કે માતૃત્વ / પિતૃત્વની રજા
- નોકરીમાંથી છૂટા કરવાની નોટિસ.

ESA હેઠળ તમને કયા અધિકાર મળે છે તેની વધારે માહિતી માટે શ્રમ મંત્રાલયનો સંપર્ક સાધો.

## મારા અધિકારો માંગ્યા ત્યારે મને સજા થઈ. હું શું કરી શકું ?

તમને એવું લાગે કે તમે ESA હેઠળના તમારાં અધિકારો વિશે પૂછયું અથવા એ અધિકારો માંગ્યા ત્યારે તમારાં એમ્પ્લોયરે સજા કરી, તો જેમ બને તેમ તરત શ્રમ મંત્રાલયનો સંપર્ક કરો.

મંત્રાલયના કર્મચારીઓ તમને તમારાં અધિકારો વિશે સમજવામાં મદદ કરશે, તમારાં પ્રશ્નોના જવાબ આપશે અને તમારી ફરિયાદોની તપાસ કરશે. તમારાં અધિકારો વિશે શ્રમ મંત્રાલય સાથે વાત કરો તે માટે એમ્પ્લોયર તમને સજા ન કરી શકે.

નોંધઃ કર્મચારીને પોતાના અધિકારનું ઉલ્લંઘન થયું હોવાનું લાગે અને એ યુનિયનનો સભ્ય હોય તો શ્રમ મંત્રાલયનો સંપર્ક કરતાં પહેલાં યુનિયનના પ્રતિનિધિ સાથે વાત કરવી.

## મારે શાની જરૂર પડશે ?

શ્રમ મંત્રાલયનો સંપર્ક કરતાં પહેલાં, તમારાં કામ અને એમ્પ્લોયર વિશે કોઈ પણ જાતની માહિતી, જેમ કે વેતનની પાવતી વગેરે, એકત્ર કરશો જેથી તમારી સમસ્યા સમજાવવામાં મદદ મળે.

## શ્રમ મંત્રાલય શી રીતે મદદ કરી શકે ?

તમે અધિકારો વિશે પૂછો કે અધિકાર માંગો અને એ કારણે તમારો એમ્પ્લોયર તમને સજા કરે તો એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ ઑફિસર તમારાં એમ્પ્લોયરને તમને વળતર ચૂકવવા અથવા ફરી નોકરીએ લેવાનો આદેશ આપવાની સત્તા ધરાવે છે. ઑફિસર તમારાં વેતનની જે કંઇ રકમ લેણી નીકળતી હોય તે ચૂકવવાનો પણ એમ્પ્લોયરને હુકમ આપી શકે છે.

શ્રમ મંત્રાલય એમ્પ્લોયર પર ટિકિટ (ગુના ચિઠ્ઠી) બનાવવા સહિત,અપરાધનો આરોપ પણ મૂકી શકે છે. ગુનો પૂરવાર થાય તો એમ્પ્લોયરને દંડ થાય અથવા એને જેલમાં મોકલી દેવાય તે શકય છે.

**ઉદાહરણ :**
મારિયાને ખબર પડી કે એને ન્યૂનતમ વેતન કરતાં ઓછું વેતન મળે છે. એણે એના મેનેજરને પૂછયું આવું કેમ . થોડા વખત પછી મારિયાને નોકરીમાંથી છૂટી કરવામાં આવી.

મારિયાને લાગ્યું કે એણે ESA હેઠળ એના અધિકાર માંગ્યા એટલે એને રુખસદ આપવામાં આવી છે. એણે એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ ઈન્ફર્મેશન સેન્ટરનો સંપર્ક કરીને પોતાની સમસ્યા સમજાવી. શ્રમ મંત્રાલયના કર્મચારીઓએ એને એના અધિકારો સમજવામાં મદદ કરી. મારીયાએ ફરિયાદ કરી અને એની તપાસ થઈ.

મારિયાના એમ્પ્લોયરને એને ફરીથી નોકરીએ લેવાનો, એની લેણી નીકળતી વેતનની રકમ ચૂકવી આપવાનો અને એનું વેતન વધારીને ન્યૂનતમ વેતન દર સુધી કરવાનો આદેશ આપવામાં આવ્યો.

## હું દાવો નોંધાવું ?

એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ ઈન્ફોર્મેશન સેન્ટરનો સંપર્ક કરો. અમારી સાથે ચર્ચા કર્યા પછી, દાવો નોંધાવવાનો નિર્ણય લઈ શકો છો.

દાવો એટલે તમારી ફરિયાદનો લેખિત ખુલાસો, જેમાં તમારાં વિશે, તમારાં કામ અને એમ્પ્લોયર વિશે મહત્વની માહિતી પણ હોય છે.

દાવાનાં ફોર્મ સેવાઓન્ટારિયો કેન્દ્રોમાં અને શ્રમ મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

દાવો નોંધાવવાનો ખર્ચ નથી.

## શ્રમ મંત્રાલયનો સંપર્ક કરો

**એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ ઈન્ફર્મેશન સેન્ટરને ફોન કરો : 416-326-7160, 1-800-531-5551 (વિના ખર્ચે ) અથવા 1-866-567-8893 બહેરાં લોકો માટે ટીટીવાય.** તમે અંગ્રેજી કે ફ્રેન્ચ ન બોલતા હો તો , કૃપા કરીને જયારે તમને બોલાવવામાં આવે ત્યારે જેમને આ ભાષાઓ આવડતી હોય તેવા કોઈને સાથે રાખશો.

ઈએસએ સંરક્ષિત અધિકારો પર વધુ માહિતી પૂરી પાડનાર ઓનલાઇન પ્રકાશનો મેળવવા શ્રમ મંત્રાલયની વેબસાઈટ www.labour.gov.on.ca ના એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ વિભાગની મુલાકાત લો.

*આ માહિતી જનહિતાર્થે આપવામાં આવી છે. આ માહિતી તાજી અને સાચી હોય તેની કાળજી લેવાનો અમે પ્રયાસ કરીએ છીએ, તેમ છતાં કયારેક ખામી રહી જતી હોય છે. આથી માહિતી કેટલી અણીશુદ્ધ છે તેની અમે ગૅરંટી ન આપી શકીએ. વાચકે શકય હોય ત્યાં સુધી, આ માહિતીના આધારે કાર્યવાહી કરતાં પહેલાં એની ચકાસણી કરી લેવી.*

esa
employment standards act

©Queen's Printer for Ontario, 2008
Printed in Canada
ISBN 1-4249-1321-7 (Print)
ISBN 1-4249-1323-3 (PDF)
ISBN 1-4249-1322-5 (HTML)

Gujarati
"Protecting Employees" is also available in English, French, and other languages.
« Protection des employés » est également disponible en anglais, en français et en d'autres langues.